બપોરે મંગળફેરા કર્યા : રાત્રે હાથફેરો કરી કન્યા ફરાર

તલોદ પાસે આવેલ ગામની ઘટના : પટેલ પરિવારના યુવાન દીકરા માટે વહુ શોધી લાવનાર દલાલો અને કન્યાએ મળી પૂર્વ આયોજિત કાવતરું ઘડ્યું હોવાની આશંકા : કન્યા પતિ અને નણંદને ચકમો આપી, મંગળસૂત્ર, મોબાઈલ અને કપડાં લઈ ફરાર

તલોદ, તા. ૨૯

પ્રવર્તમાન સમયગાળામાં લગભગ તમામ સમાજમાં યુવાન કન્યાઓની ભારે અછત વર્તાતી હોઈ, દલાલોએ પોતાની માયાજાળ બિછાવીને કુંવારા યુવાનને તથા તેના માવતરને મળી કન્યા લઈ આપવાનું ગોઠવી લાખોની મતા સેરવી લેતા હોવાનો કૌભાંડો અનેકવાર બનતા હોવાનું જાણવા મળે છે. ઘરમાં આવેલી કન્યા સાસરીવાળાનું 'કરી નાંખીને' દલાલ દ્વારા જ ફરાર થતી હોવાનુ પણ બને છે. આ હકિકતને સમર્થન આપતો એક બનાવ સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદનગરથી પાંચેક કિ.મી.ના અંતરમાં આવેલ એક ગામમાં બનવા પામ્યો છે. જેમાં બપોરે લગ્ન કર્યા બાદ એક રાત્રી પણ ગાળ્યા વિના કન્યા ફરાર થઈ જતા યુવાનનાં પરિવાર ભારે દોડધામમાં પડી ગયેલ છે. જે દિન-રાત કન્યા અને દલાલને શોધી રહ્યો છે.

રસપ્રદ છતાં ગંભીર બનેલા આ બનાવની ભારે ચર્ચામાં રહેલી વિગતો એવી છે કે, તલોદ તાલુકાના એક ગામના પટેલ પરિવારના યુવાન દિકરાને વહુ લાવી દેવા કેટલાક દલાલોએ યુવાનના પરિવારજનોનો સંપર્ક સાધ્યો હતો... અને કુંવારા દિકરાને યોગ્ય સુકન્યા લાવી દેવાનું વચન આપી કથિત 'સોદાબાજી' કરી હતી.

સોદો પાકો થતા યુવાનતિના તત્કાલ લગ્ન લેવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. તાલુકાના અન્ય એક ગામના માઈ મંદિરમાં આ બંને સેટીંગ પામેલા વરઘોડીયાએ ગતરોજ બપોરે જ ફૂલહાર કરી, દાંપત્યજીવનનો શુભારંભ કર્યો હતો. ફુલહાર કરી ઘરે ગયેલા વરઘોડીયાને હિન્દુ સંસ્કૃતિ મુજબ પોંખવાની વિધિ પણ કરવામાં આવી હતી. યુવાનને ઘેર નવવધુના પગલા થતાં સહજભાવે હરખતી હેલીનો માહોલ ઉદ્‌ભવ્યો હતો. પરંતુ તે વાતના કલાકો બાદ કંઈક અગમ્ય થયુ. જેમાં આખરે યુવાનની બપોરે જ આવેલી યુવા પત્ની રાત્રી પહેલા જ ઘરબાર છોડીને હજારોની માલમત્તા લઈને તલોદના બજારમાંથી ફરાર થઈ ગઈ..!

ગામડા ગામના યુવાનના પરિવારમાં નવવધુ થઈને (દલાલ થ્રુ) આવેલી કન્યાના દિમાંગમાં કંઈક અલગ જ ગોઠવણ ચાલતી હતી. જે મુજબ તેણીએ યુવાનને કહ્યું કે, 'મને બજારમાં લઈ ચાલો... આ કપડાં ફાવતાં નથી... તો ડ્રેસ લઈ આવીએ...' નવીસવી આવેલી વહુની ડિમાન્ડ તો પુરી કરવી જ પડે... જેથી યુવાન અને તેની બહેન તથા પરણેતર યુવતી એમ ત્રણે જણા તલોદ બજારમાં આવ્યા. જેઓએ જણાવ્યુ છે કે ડ્રેસની ખરીદી પણ કરી, યુવાન વરરાજાનો હજારોની કિંમતનો મોબાઈલ ફોન પણ યુવાન વહુરાણીએ પોતાની પાસે રાખ્યો હતો. અને તે ભાગવાની ગોઠવાયેલી મનાતી પૂર્વ આયોજીત યોજના અનુસાર પતિ અને નણંદને ચકમો આપી તલોદના બજારમાંથી ફરાર થઈ ગઈ. ભાગી છુટેલી કન્યા મોબાઈલ, મંગળસુત્ર અને કપડાં વગેરે સાથે જ ભાગી ગઈ છે. આમ થતાં લગ્નની પ્રથમ રાત્રીએ કમનસીબે યુવાન અને તેના સગા-વ્હાલા દલાલ અને ભાગી છુટેલી કન્યાને શોધવા આકાશપાતાળ એક કરવામાં જોતરાઈ ગયા.

પ્રેમ, કરુણાના સિદ્ધાંત પર સરકાર કાર્યરત : રૂપાણી

ભગવાન મહાવીર સ્વામી જન્મદિન નિમિત્તે આજરોજ રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટ ખાતે વહેલી સવારે ભુપેન્દ્ર રોડ સ્થિત સ્થાનકવાસી જૈન દેરાસર ખાતે દર્શન કરી જૈન મુનીશ્રીના આશિર્વાદ મેળવ્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ પ્રસંગે ઉપસ્થિત ભાવિકોને મહાવીર સ્વામી જન્મદિન નિમિત્તે શુભેચ્છા પાઠવી હતી. જૈન ધર્મની મહત્તા સમજાવતા મુખ્યમંત્રી રૂપાણીએ કહ્યું હતું કે તમામ જીવ પ્રત્યે સંવેદના, કરુણા અને પ્રેમ એજ સાચો માનવ ધર્મ હોવાનું અને આપણું જીવન માનવ કલ્યાણાર્થે સમર્પિત કરવા જણાવ્યું હતું. જીવો અને જીવવા દો તેમજ સર્વે જીવ પ્રત્યે પ્રેમ અને કરુણા એ જૈન ધર્મની દેન છે અને તેમાંથી પ્રેરણા લઈ રાજ્ય સરકારે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી હોવાનું રૂપાણીએ જણાવ્યું હતું. કરુણા અભિયાન અંતર્ગત અનેક અબોલ પશુ-પક્ષીઓના જીવન બચાવ્યા હોવાનું તેમજ ૧૦૮માં ઈમરજન્સી સેવા જેવી જ પશુઓ માટે ઈમરજન્સી સેવાનું રાજ્ય સ્તરે આયોજન રાજ્ય સરકાર કરવા જઈ રહી હોવાનું આ તકે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. મજુરો માટે માત્ર રૂપિયા ૧૦માં ભોજન તેમજ વરિષ્ઠ નાગરિકો, મુનીઓ માટે પગદંડી જેવી સુવિધા આવનારા સમયમાં અમલી બનાવવાનું અંતમાં રૂપાણીએ જણાવ્યું હતું. ત્યારબાદ મુખ્યમંત્રી વિજય રૂપાણી રાજકોટ સ્થિત શ્રી માય મંદિર ખાતે માં અંબાજીના દર્શન-અર્ચન સર્વજન સુખાર્થે મંગલ કામના કરી હતી.

મોડાસાના અત્યાધુનિક એસટી બસ સ્ટેન્ડનું ખાતમુહુર્ત સાથે સોશ્યલ મીડિયામાં વિવાદો શરૂ

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં એસટી સ્ટેન્ડની

જગ્યાએ અત્યાધુનિક બસ સ્ટેન્ડ બનાવવા નવ મહિના અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ડિજિટલ ખાતમુહર્ત કરવામાં આવ્યું હતું ત્યારે ૨૦થી વધુ સોસાયટીના રહીશોને અત્યાધુનિક બસ સ્ટેન્ડનો પ્લાન નડતરરૂપ હોવાથી ભારે વિરોધ વંટોળ ઉઠતા અને લે આઉટ પ્લાન અંગે જીલ્લા કલેક્ટર અને નગરપાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસર સહીત ટાઉન પ્લાનિંગ કચેરીમાં ઉગ્ર રજુઆત કરતા બસ સ્ટેન્ડના લેઆઉટ પ્લાનને શરતોને આધીન મંજૂરી આપી હતી. ત્યાર બાદ ગુરુવારે એસટી બસ સ્ટેન્ડનો ખાનગી કોન્ટ્રાક્ટર દ્વારા ખાતમુહર્ત કરતા સોશ્યલ મીડિયામાં ભારે વિરોધ ઉભો થયો હતો અને આગામી સમયમાં આ વિરોધ ઉગ્ર આંદોલનમાં પરિણામે તો નવાઈ નહિ. કોન્ટ્રાક્ટરે એસટી બસ સ્ટેન્ડની દુકાનોના પણ ખાતમુહર્ત પહેલા લાખ્ખો રૂપિયા લઈ બુકીંગ પણ શરુ કરી દેવામાં આવતા લોકોમાં ભારે હોહા મચી છે અને ખાનગી કોન્ટ્રાક્ટરે હજુ પણ નગરપાલિકાની મંજૂરી પણ લેવાનું પણ મુનાસીબ માન્યું નથી. મોડાસા એસટી બસ સ્ટેન્ડનો ખાનગી કોન્ટ્રાકટ મેળવનાર કંપનીમાં સત્તાધીશ પાર્ટીના ઉંચા કદના કેબિનેટ કક્ષાના મંત્રીના ચાર હાથ હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

મોડાસા શહેરના એસટી ડેપોનું અત્યાધુનિકરણના લેઆઉટ પ્લાનને લઈને મોડાસા શહેરમાં ઉગ્ર રોષ ફેલાયો છે. અત્યાધુનિકરણના નામે શહેરીજનોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેવી સ્થિતિ પેદા થતા લોકોનો એસટી સ્ટેન્ડના ગુરુવારે યોજાયેલ ખાતમુહર્ત વિધિ સાથે જ સોશ્યલ મીડિયામાં અત્યાધુનિકરણ બસ સ્ટેન્ડ સામે વિરોધ પ્રદર્શિત કરતા મેસેજની ભરમાર જોવા મળી હતી. જુના એસટી સ્ટેન્ડના બંને પ્રવેશદાર મોડાસા-ધનસુરા માર્ગ પર પડતા હતા. પરંતુ આધુનિકરણ બસ સ્ટેન્ડના ખાનગી કોન્ટ્રાકટરના ફરતા થયેલ લે-આઉટ પ્લાનમાં એસટી બસોનુ આવન-જાવન માટે ડીપી રોડ પર પ્રવેશદાર બનાવવાનું દર્શાવેલ હોવાથી બસ સ્ટેન્ડ રોડના પાછળના ડીપી રોડ પર આવેલી ૪૦થી વધુ સોસાયટીઓ રહીશો અને ૧૦થી વધુ ખાનગી હોસ્પિટલોમાં સારવાર અર્થે આવતા દર્દીઓ અને તેમના પરિવારજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડશે.

ડીપી રોડ પણ પૂરતા પ્રમાણમાં પહોળો ન હોવાથી ટ્રાફિક સમસ્યાનું નિર્માણ થશે અને અકસ્માતની ઘટનોમાં નોંધપાત્ર વધારો થવાની સંભાવનાના પગલે લોકોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે. મોડાસા એસટી ડેપોમાં આવેલ વર્કશોપની પણ કામગીરીમાં કાપ મુકવામાં આવ્યો હોવાની

સાથે વર્કશોપ પણ હિંમતનગર ખસેડવાની તજવીજ હાથ ધરી હોવાની લોકોમાં ચર્ચા ઉઠી છે. નવાઈની વાત તો એ છે કે ખાનગી કંપની દ્વારા રોકવામાં આવેલા લોકો દ્વારા જે લે આઉટ બતાવી દુકાનોનું લાખ્ખો રૂપિયાનું બુકીંગ લેવામાં આવી રહ્યું છે તે લે આઉટ પ્લાનથી નગરપાલિકા તંત્ર અને જિલ્લા ટાઉનપ્લાનિંગ કચેરી કચેરી અજાણ હોવાનું આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. સોશ્યલ મીડિયામાં શરુ થયેલો મોડાસા એસટી ડેપોના અત્યાધુનિકરણ સામેનો વિરોધ ઉગ્ર આંદોલનમાં ફેરવાય તેવા સંજોગો પેદા થયા છે.

હિંમતનગરમાં ઈન્ટરનેશનલ સેમિનાર યોજાશે

વિશ્વમાં ભારતીય સંસ્કૃતિ અને ધર્મનો પ્રચાર પસાર કરવામાં ભારતની ધર્મપ્રેમી જનતા ખુબજ ઉત્સુક બની કામ કરી રહી છે ત્યારે આગામી તા. ૩૦ માર્ચ ૨૦૧૮ અને ૩૧ માર્ચ દરમ્યાન હિંમતનગર ખાતે વિશ્વભાષા સાહિત્ય અને રામકથા વિષય પર ઈન્ટરનેશનલ સેમિનારનું આયોજન કરાયું છે. હિંમતનગરના વિદ્યાનગરી સંકુલમાં યોજાનાર આ સેમિનારમાં ભારતના તમામ રાજ્યોના વિધ્વાનો તથા નોર્વે, ઓસ્ટ્રેલીયા, અમેરિકા, મોરેશિયસ અને ઈંગ્લેન્ડના તજજ્ઞો ભાગ લેશે. આ સેમિનારનું આયોજન કરવા પાછળનો આશય એ છે કે વિદેશમાં ધર્મનો પ્રચાર પ્રસાર થાય અને ભારતીય સંસ્કૃતિના સાહિત્યના શોધ-સંશોધન માટે ફાઉન્ડેશનની રચના કરવાનો છે.

સાબરકાંઠાની ૧૩૨૦ શાળાઓમાં ગુણોત્સવ યોજાશે

રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકો વધુ અભ્યાસ પ્રત્યે રૂચી કેળવે તે આશયથી છેલ્લા કેટલાક વર્ષોથી શાળાઓનું મુલ્યાંકન કરવા માટે ગુણોત્સવ યોજાય છે. ત્યારે આ વર્ષે પણ તા. ૬ અને ૭ એપ્રિલના રોજ ગુણોત્સવ યોજાશે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં આવેલ ૧૩૨૦ પ્રાથમિક શાળાઓની ૬૯૫ અધિકારીઓ મુલાકાત લઈને શાળાઓનું મુલ્યાંકન કરશે.

વન્યજીવો સાથે આત્મિયતા કેળવી તેમનું રક્ષણ કરીએ

નડાબેટ મુકામે કચ્છ બાયોસ્ફીયર રીઝર્વ અંગે અવેરનેસ કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૨૯

ભારત-પાકિસ્તાન સરહદ નજીક બનાસકાંઠા જિલ્લાના નડાબેટ મુકામે ગુજરાતના અગ્ર

મુખ્ય વન સંરક્ષક આર.એલ. મીના અધ્યક્ષસ્થાને કચ્છ બાયોસ્ફીયર રીઝર્વ અંગે અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતાં અગ્ર મુખ્ય વન સંરક્ષક આર.એલ. મીનાએ જણાવ્યું કે આ સરહદી વિસ્તારમાં રહેતા લોકો ખુમારીનું પ્રતિક છે. તેમણે કહ્યું કે બાયોસ્ફીયર વિસ્તારમાં જીવતા વન્યજીવો સાથે આત્મિયતા કેળવી તેમનું રક્ષણ કરીએ. તેમણે ઉમેર્યુ કે વન્ય પ્રાણીઓના રક્ષણ માટે કડક કાયદાઓ અમલમાં છે ત્યારે તેનું પાલન કરી પ્રાણીઓનું રક્ષણ કરવું તે આપણી જવાબદારી છે. મીનાએ કહ્યું કે જંગલી પ્રાણીઓ કયારેય નુકશાન કરતા નથી. તેમને હેરાન-પરેશાશ કરવામાં આવે ત્યારે જ તેઓ હુમલો કરે છે. તેમણે જણાવ્યું કે ગ્લોબલ વોર્મિંગની સમસ્યાથી સમગ્ર દુનિયા પીડાઈ રહી છે ત્યારે જંગલો અને વન્યજીવ સૃષ્ટિનું જતન કરવું જરૂરી છે. તેમણે કહ્યું કે જંગલો અને જાનવરોને તમે બચાવશો તો તમને પણ તેઓ બચાવશે. મીનાએ બી.એસ.એફ.ના જવાનોની કામગીરીની સરાહના કરતાં કહ્યું કે બી.એસ.એફ.ના જવાનો દેશના રક્ષણની સાથે વન્યજીવોની રક્ષાનું પણ સરસ કામ કરે છે.

મોડાસા સહકારી જીનની સ્થાપના બાદ સૌપ્રથમ ૫ ડેલિગેટની ચૂંટણી યોજાઈ

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલી સહકારી જીનમાં સ્થાપના થયા બાદ એકહથ્થુ શાશન બાદ વર્ષો પછી ૫ ડેલિગેટ માટેની ચૂંટણી ગુરુવારે યોજાઈ હતી. જેમાં ૧૦ લોકોએ સહકારીજીનમાં સત્તા મેળવવા ઉમેદવારી નોંધવી હતી. સહકારી જીનની ચૂંટણીમાં નિરશતા જોવા મળી હોય તેમ ૨૩૪૦ મતદારોમાંથી ફક્ત ૫૫૯ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જેમાં ૫ મહિલાઓએ પણ ઉમળકાભેર મતદાન કર્યું હતું. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ યોજવા માટે મોડાસા સહકારી જીનના મેનેજર રમેશ પટેલ ભારે જહેમત ઉઠાવી હતી અને મતદારો માટે મતદાન પ્રક્રિયા સમયે અગવડના અનુભવે તે માટે ગરમીથી બચવા મંડપ અને ઠંડા મિનરલ પાણીની વ્યવસ્થા ઉભી કરાઈ હતી.

ખેડબ્રહ્મની આરડેકતા કોલેજ પાસે કારે બાઈકને ટક્કર મારતા એક ઘાયલ

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્માની આરડેકતા કોલેજ પાસે ગુરુવાર બપોરે એક કાર ચાલકે આગિયા મંડળીના કલાર્કની બાઈકને ટક્કર મારતા કલાર્ક ગંભીર રીતે ગવાતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર આગિયા સેવા સહકારી મંડળીમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા પટેલ રમણભાઈ જસુભાઈ પોતાનું બાઈક ન. જી.જે.૯.સી.યુ.૯૮૭૪ લાઈ આગિયા સેવા મંડળી રોકડ ભરવા ખેડબ્રહ્મા સાબરકાંઠા બેન્કમાં આવતા હતા ત્યારે આરડેકતા કોલેજ પાસે અંબાજી તરફથી આવતી કાર ન.જી.જે.૨૭.બીઆઈ.૨૮૦૦ ના ચાલકે પોતાની કાર પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી રમણભાઈ બાઈકને પાછળથી ટક્કર મારતા રમણભાઈ ટક્કર વાગી કાર ઉપર પછળતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે ઈડર ખાતે ખાનગી દવાખાને રીફર કરવામાં આવ્યા હતા. જ્યારે અકસ્માતમાં કારમાંથી બે ઈસમો ભાઈ ગયા હતા જ્યારે બે ઈસમો દારૂ પીધેલી હાલતમાં મળી આવ્યા હતા.

આ અંગે રામણભાઈના પિતા જસુભાઈ પટેલે બીહોલા પ્રદીપસિંહ કનુંસિંહ, અને વિહાભાઈ લક્ષમનભાઈ સોલંકી બનને રહે ઘમાસાણ, તા. દસક્રોઈ, અમદાવાદ વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્તશન ફરિયાદ નોંધાવી હતી.

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સરસ્વતી બાલમંદિર મંડળ સંચાલિત શ્રી વે.શા. શાહ પ્રાથમિક શાળાના સભાખંડમાં સુંદર મુશાયરાનું આયોજન કરાયું હતું. સંસ્થાના પ્રમુખ નિલેષ જોષીના અધ્યક્ષપદે યોજાયેલ કવિ સંમેલનમાં શબ્દસેતુના પ્રમુખ ડૉ. જિજ્ઞેશભાઈ સુથારે સૌને આવકાર્યા હતા. ઉપસ્થિત મહેમાન પ્રિ. ડૉ. દિપક જોષી તથા પૂર્વ આચાર્ય રમણભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કરેલ હતુ. અકાદમીમાંથી પધારેલ કવિ તેજસ દવેએ કવિ સંમેલનનું અદ્‌ભુત સંચાલન કરેલ હતુ કે જેમાં ડૉ. પિનાકીન પંડ્યા, માસુમ મોડાસવી, અરવિંદ ગજજર, દિલીપ શ્રીમાળી, સલીમ શેખ 'સાલસ'એ પોતાની કવિતાઓથી ઉપસ્થિત ભાવકોને રસતરબોળ કરેલ હતા. સ્થાનિક સંયોજક ડૉ. જિજ્ઞેશ સુથાર તથા શબ્દસેતુ પરિવારને નગરજનોએ સુંદર કાર્યક્રમ બદલ અભિનંદન પાઠવેલ હતા.

પંજાના નિશાનથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગયા વર્ષે એક ચેનલ માટે સિક્રેટસ ઓફ સિલિકન વૈલી નામના બે ભાગોમાં દસ્તાવેજી ફિલ્મનુ નિર્માણ કર્યુ હતુ. આને ગયા વર્ષે જારી કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા રહી છે. દસ્તાવેજી ફિલ્મના બીજા હિસ્સા ધ પર્શુએશન મશીનમાં બાલેટ નિક્સના રૂમમાં ઘુસે છે. નિક્સ ઉભા થઈને બાલેટનુ સ્વાગત કરે છે. નિક્સની પાછળ દિવાળ પર નિશાનવાળા પોસ્ટર હોય છે. હાથ નિશાનની નીચે મોટા અક્ષરમાં કોંગ્રેસ લખેલુ છે. પોસ્ટર પર તમામ માટે વિકાસ સ્લોગન લખવામાં આવ્યુ છે. ભલે કોંગ્રેસ હજુ સુધી કેમ્બ્રિજ એનાલિટિકા સાથે પોતાના સંબંધનો ઈન્કાર કરે છે પરંતુ તેની તકલીફ પોસ્ટર સપાટી પર આવ્યા બાદ વધી શકે છે. બાલેટે કેટલાક લોકોની સાથે નિક્સનુ ઈન્ટરવ્યુ કર્યુ હતુ. અલબત્ત નિક્સે કેમ્બ્રિજ એનાલિટિકાના ભારતમાં ઓપરેશનના સંબંધમાં કોઈ માહિતી આપી નથી. માત્ર અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના અભિયાન અંગે માહિતી આપી છે. કંપની કઈ રીતે મતદારોના ચૂંટણી મુલ્યાંકન કરે છે તેમ પુછવામાં આવતા નિક્સ કહે છે કે અમે ટેલિફોન સર્વે કરીએ છીએ. કેટલાક ઓનલાઈન પ્લેટફોર્મનો પ્રયોગ કરીને પ્રશ્ન કરીએ છીએ,. વધારે ડેટા એકત્રિત કરવા માટે ફેસબુક જેવા પ્લેટફોર્મનો ઉપયોગ કરીએ છીએ. ડેટા મામલે હાલ આક્ષેપબાજીનો દોર છે.

પેપર લીક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અટકાયત કરી લેવામાં આવી છે. ક્રાઈમ બ્રાંચે સીબીએસઈ પાસેથી પણ માહિતી મેળવી છે. બીજી બાજુ સરકાર પણ આ મામલામાં ખુલાસા કરી રહી છે. કેન્દ્રીય માનવ સંશાધન વિકાસમંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું છે કે, પેપર લીકની ઘટના ખુબ જ દુખ છે. તેઓ વિદ્યાર્થીઓ અને પરિવારની તકલીફ સમજે છે. તેઓ પોતે એક પેરેન્ટ તરીકે છે. આ ઘટનાના કારણે તેઓ રાતભર ઉંઘી શક્યા નથી. પેપરલીકની ઘટનામાં સામેલ હેલા કોઈપણ વ્યક્તિને છોડવામાં આવશે. પોલીસ ટૂંકમાં જ દોષિતોની ધરપકડ કરી લેશે. બીજી બાજુ દેખાવ કરી રહેલા વિદ્યાર્થીઓ અને માતા-પિતાઓનું કહેવું છે કે, તમામ વિષયોની પરીક્ષા ફરી થાય તે જરૂરી છે. અથવા તો કોઈપણ વિષયની પરીક્ષા ફરી થવી જોઈએ નહીં. માતા-પિતાની એવ રજૂઆત છે કે, પરીક્ષા માટે બાળકો ઉપર મનોવૈજ્ઞાનિક દબાણ રહે છે. જે બાળકોએ પૂર્ણ ઈમાનદારી અને મહેનત સાથે પરીક્ષા આપી છે તેમને ફરીથી પરીક્ષાના ટેન્શનમાંથી પસાર થવું પડશે.

સીબીએસઈ તરફથી કહેવામાં આવ્યું છે કે, કોઈને પણ છોડવામાં આવશે નહીં. પ્રકાશ જાવડેકરે પણ દુખ વ્યક્ત કર્યું છે. અત્રે નોંધનીય છે કે, કેન્દ્રીય માનવ સંશાધન મંત્રી પ્રકાશ જાવડેકરે સીબીએસઈ પેપર લીક થવાના મામલામાં ગઈકાલે પણ દુખની લાગણી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, તપાસ બાદ દોષિત દેખાવનાર વ્યક્તિઓની સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. પ્રકાશ જાવડેકરે વિદ્યાર્થીઓ અને વાલીઓને ખાતરી આપતા કહ્યું છે કે, ભવિષ્યમાં તમામ પરીક્ષાઓ સંપૂર્ણપણે લીકપ્રુફ રહેશે. સીબીએસઈની ધોરણ ૧૨ અને ધોરણ ૧૦માં એક-એક પેપર ફરી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જાવડેકરે એમ પણ કહ્યું હતું કે, પેપર લીક કેસની પોલીસ તપાસ નિર્ણાયક તબક્કામાં પહોંચી ચુકી છે.

આંસુ આવી ગયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિવાદને લઈને માફી માંગી હતી. સ્મિથે કહ્યું હતું કે, ઓસ્ટ્રેલિયન ટીમના કેપ્ટન હોવાના સ્વરુપમાં તે આ સમગ્ર વિવાદની જવાબદારી સ્વીકારે છે. સ્મિથે કહ્યું હતું કે, તેનો નિર્ણય ખુબ ખોટો હતો. હવે તેને આના પરિણામ સમજમાં આવી રહ્યા છે. સ્મિથે કહ્યું હતું કે, આ ભુલનો અહેસાસ તેને સમગ્ર લાઈફ દરમિયાન રહેશે. સ્મિથે કહ્યું હતું કે, આ ભુલને તે ક્યારે પણ ભુલી શકશે નહીં. સ્મિથે આશા વ્યક્ત કરી હતી કે, સમયની સાથે સાથે તે ફરી એકવાર પોતાની ઈજ્જત મેળવી શકશે અને લોકો તેને માફ કરી દેશે. સ્મિથે કહ્યું હતું કે, કેપટાઉનમાં જે કંઈપણ બન્યું તેને લઈને ઓસ્ટ્રેલિયાએ પગલા લીધા છે અને ઓસ્ટ્રેલિયન ટીમના કેપ્ટન હોવાના કારણે તે સમગ્ર જવાબદારી સ્વીકારે છે. સ્મિથે કહ્યું હતું કે, આ તેની તરફથી લેવામાં આવેલો એક ખોટો નિર્ણય હતો. હવે પરિણામ ભોગવી રહ્યા છે. કેપ્ટનશીપની પણ નિષ્ફળતા હતી. પત્રકાર પરિષદ દરમિયાન સ્મિથ અનેક વખત ભાવનાસીલ બની ગયો હતો. તેની ભુલ તે સમજી રહ્યો છે. સ્મિથે કહ્યું હતું કે, તેની ભુલ અન્યો માટે બોધપાઠ સમાન પણ હોઈ શકે છે. ઓસ્ટ્રેલિયન ટીમની કેપ્ટનશીપ તેના માટે ગર્વ સમાન હતી. સ્મિથે એમ પણ કહ્યું હતું કે, ક્રિકેટ દુનિયાની સૌથી મોટી રમત તરીકે છે. તેની લાઈફ તરીકે છે.

જીસેટ-૬એ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દૂરસંચાર સેટેલાઈટને લઈ જવાવાળા જીએસએલવી એમકે-૨ને શ્રીહરિકોટાના સતીષ ધવન સ્પેશ સેન્ટરથી બીજા લોંચપેડથી લોંચ કરવામાં આવ્યા બાદ ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. આ યાને ૧૨મી ઉંડાણ ભરી હતી. ઈસરોના કહેવા મુજબ જીસેટ-૬એ સેટેલાઈટ સંરક્ષણ ઉદ્દેશ્યો માટે સેવાઓ ઉપલબ્ધ કરાવશે. સેટેલાઈટમાં છ મીટર પહોળા એન્ટિનાની વ્યવસ્થા છે જે સેટેલાઈટમાં લાગનાર સામાન્ય એન્ટિના કરતા વધુ કદ ધરાવે છે. આ હેન્ડહેલ્ડ ગ્રાઉન્ટ ટર્મિનલ મારફતે કોઈપણ જગ્યાથી મોબાઈલ કોમ્યુનિકેશનને સરળ બનાવશે. હજુ સુધી જીસેટ-૬ કોમ્યુનિકેશન સેવા ઉપલબ્ધ કરાવી રહી હતી. તમામ લોકો જાણે છે કે, જીસેટ-૬ વર્ષ ૨૦૧૫માં ૨૭મી ઓગસ્ટના દિવસે લોંચ કકરવામાં આવ્યા બાદ તેની કોમ્યુનિકેશન સેવા ઉપલબ્ધ કરાવે છે. હવે જીસેટ-૬ના બદલે જીસેટ-૬એ દ્વારા સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. કોમ્યુનિકેશન સેટેલાઈટ કરતા આમા અલગ સુવિધા રહેલી છે. ભારતીય સેના માટે આ સેટેલાઈટ દૂરસંચારની સેવાને વધારશે. સ્વદેશી કાઓજેનિક એન્જિન સાથે જીએસએલવીની આ ૧૨મી ઉંડાણ હતી. સાંજે ૪.૫૬ વાગ્યાની આસપાસ શ્રીહરિકોટાના સતીષધવન સ્પેશ સેન્ટરથી લોંચ કરવામાં આવતા ઉપસ્થિત વૈજ્ઞાનિક સમુદાયમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. ૩૫૯૦૦ કિલોમીટરની ઉંચાઈ ઉપર સ્થિત પરિભ્રમણ કક્ષામાં આ સેટેલાઈટ ગોઠવાશે. આનુ વજન ૨૧૪૦ કિલોગ્રામ છે. આજે લોંચ વેળા તેના તમામ પરિબળો ઉપર નજર રાખવામાં આવી હતી. શ્રીહરિકોટા ખાતે કાઉન્ટડાઉન વેળા તમામ બાબતો ઉપર ઝીણવટભરી નજર વૈજ્ઞાનિકો રાખી રહ્યા હતા. જીસેટ-૬એ સેટેલાઈટને લોંચ કરવામાં આવ્યા બાદ ઈસરોએ પોતાની સફળતામાં વધુ એક સિદ્ધિ ઉમેરી લીધી છે. કોમર્શિયલ ક્ષેત્રમાં ઈસરોએ ખુબ જ પ્રતિષ્ઠા જમાવી છે. અમેરિકા સહિતના દેશો સેટેલાઈટ લોંચના મામલામાં ભારત ઉપર આધારિત થઈ રહ્યા છે. વિતેલા વર્ષોમાં ઈસરોએ અમેરિકા સહિતના દેશોના સેટેલાઈટ સફળતાપૂર્વક લોંચ કર્યા છે અને આમા સફળતાપણ મળી છે. જંગી પૈસા પણ મળી રહ્યા છે.

આ વર્ષે ૧૨મી જાન્યુઆરીના દિવસે અંતરિક્ષના ક્ષેત્રમાં વિશ્વમાં ડંકો વગાડનાર અને તમામ રિકોર્ડ પોતાના નામ પર કરનાર ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ઈસરો)એ નવો ઈતિહાસ સર્જ્યો હતો. ઈસરોએ તે વખતે ૧૦૦મો ઉપગ્રહ લોંચ કર્યો હતો. ઈસરોએ એક સાથે ૩૧ સેટેલાઈટ લોંચ કર્યા હતા. ચેન્નાઈથી ૧૧૦ કિલોમીટરના અંતરે સ્થિત શ્રીહરિકોટ અંતરિક્ષ કેન્દ્રથી આ તમામ ઉપગ્રહો લોંચ કરવામાં આવ્યા હતા. પીએસએલવી-સી૪૦એ મારફતે આ ઉપગ્રહો છોડવામાં આવ્યા હતા. જાન્યુઆરીમાં ઈસરોની તરફથી પીએસએલવી સી-૪૦ રોકેટ મારફતે લોંચ કરવામાં આવેલા ૩૧ સેટેલાઈટ પૈકી ૨૮ વિદેશી અને ત્રણ સ્વદેશી ઉપગ્રહ હતા. વિદેશી સેટેલાઈટની વાત કરવામાં આવે તો કેનેડા, ફિનલેન્ડ, ફ્રાન્સ, દક્ષિણ કોરિયા, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે.